ઈન્ફોસિટી સ્કૂલમાં દિવાળીની પરંપરાગત ઉજવણી

ગાંધીનગર, તા. ૨૬

દિપાવલી નિમિત્તે ઈન્ફોસિટી સ્કૂલમાં રંગોલી, મહેંદી, આરતી અને વર્ગ સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. સ્પર્ધાઓના નિર્ણાયક તરીકે શિક્ષકોએ પોતાની સેવાઓ આપી હતી. ઉપક્રમનું સંચાલન તુષારભાઈએ કર્યું હતું. ટ્રસ્ટી ડૉ. પ્રદીપ ગગલાણી, ડિરેક્ટર શૈલેષભાઈ પંડ્યા અને આચાર્ય જ્યોતિબેને વિજેતાઓને અભિનંદન આપી સમગ્ર શાળા પરિવારને દિપાવલીની શુભકામનાઓ પાઠવી હતી.

સાહિત્ય અકાદમી દ્વારા પુસ્તકોને પારિતોષિકોની જાહેરાત : નટવર હેડાઉનાં બે પુસ્તકો યાદીમાં

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા ગુજરાતી ભાષાના વર્ષ ૨૦૧૭નાં શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિકોની જાહેરાત કરવામાં આવી છે. સાહિત્યનાં વિવિધ સ્વરૂપોનાં ૩૧ પુસ્તકોના સર્જકોનાં નામ આ યાદીમાં છે.

ગાંધીનગરના સાહિત્ય સભાના પ્રમુખ અને ગાંધીનગર સમાચારના કટારલેખક નટવર હેડાઉના પુસ્તક 'પ્રકૃતિના પ્રહરી'ને પ્રથમ અને 'બહાદુર બાળકો' નામના અનુવાદિત પુસ્તકને તૃતિય પુરસ્કાર જાહેર થયો છે.

નટવર હેડાઉની આ સિદ્ધિ બદલ ગાંધીનગરના સાહિત્યજગત તરફથી તેમને અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યો છે.

વડનગરમાં ૬ઠ્ઠી અને ૭મી નવેમ્બરે તાનારીરી મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૬

રાજ્ય સરકારના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આગામી તા. ૬ અને ૭ નવેમ્બર દરમિયાન વડનગર ખાતે તાનારીરી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૬ઠ્ઠી નવેમ્બર ને બુધવારના રોજ સાંજે ૭.૩૦ વાગે તાનારીરી સન્માન સમારોહ અને એવોર્ડ વિતરણ કાર્યક્રમની શરૂઆત થશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે અશ્વિની ભીડે દેશપાંડે અને પિયુ સરખેલને શાસ્ત્રીય ગાયન માટે તાનારીરી એવોર્ડ અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ એવોર્ડી બહેનો ઉપરાંત અનુરાધા પૌડવાલ ગાયન, ડૉ. ધ્વનિ વચ્છરાજાની, ગાર્ગી વોરા અને ભક્તિ જોષી મહેતા શાસ્ત્રીય ગાયનની પ્રસ્તુતિ કરશે.

તા. ૭મી નવેમ્બર ને ગુરુવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે સંગીત સમારોહનું ઉદ્ઘાટન નાયબ મુખ્યમંત્રીના વરદ્ હસ્તે યોજાશે. સ્વાગતમ્ કાર્યક્રમ અંતર્ગત તબલા તાલીમ સંસ્થાની દીકરીઓ જુગલબંધી, સપ્તક સંસ્થાની દીકરીઓ દ્વારા સિતાર, પંડિત રોન મજુમદાર એન્ડ ગ્રૂપ દ્વારા ફ્લ્યુટ, તબલાં અને પખાવજની જુગલબંધી, પંડિત વિશ્વજીત રોય ચૌધરી દ્વારા સરોદવાદન અને રાહુલ શિવકુમાર શર્મા દ્વારા સંતુરવાદનની પ્રસ્તુતિ કરાશે.

એસ. વી. શાળામાં 'મૉમ્સ રંગોલી'

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,ગાંધીનગર સંચાલિત એસ .વી .ઇંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં મૉમ્સ રંગોળી યોજાઇ ગઈ. બાળકોએ પોતાની મમ્મી સાથે મળીને ચિરોડીના વિવિધ કલર, આભલા, ટીકકા, દિવડા વગેરે સામગ્રીનો ઉપયોગ કરી, પોતાની કલ્પનાશકિતનો ઉપયોગ કરીને અવનવી ડીઝાઇનની રંગોળી બનાવી હતી. રંગોળીના ચિરોડી કલર તમામ મમ્મીઓને શાળા તરફથી આપવામાં આવ્યા હતા. આ તબક્કે મમ્મી,બાળક અને તેમણે બનાવેલી રંગોળીના ફોટો સેશનનું આયોજન પણ શાળા દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય જિજ્ઞા દર્પણ બુચે આ સમગ્ર કાર્યક્રમની અભૂતપૂર્વ સફળતાનો તમામ યશ શાળાના શિક્ષકોની મહેનતને આપી, તેમનો તથા તમામ મમ્મીઓનો આભાર માન્યો હતો.

લીઓ ક્લબ, ગાંધીનગરના પ્રમુખ મોહિત જયસિંઘાણીની આગેવાની હેઠળ ક્લબ દ્વારા ૧૦૦ બાળકોને દિપાવલી નિમિત્તે નમકીન અને ચૉકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંકેત ગોર, વિનય જયસિંઘાણી અને લીઓ સભ્યો આ સેવાકાર્યમાં જોડાયા હતા. આ ઉપક્રમ માટે કિશોર ક્લાસિસનું સૌજન્ય પ્રાપ્ત થયું હતું.

હરે કૃષ્ણ મંદિર ખાતે ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૬

હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા તા. ૨૯મી ઓક્ટોબરના રોજ ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની ખૂબ જ ભવ્યતા સાથે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરમાં ઉજવાઈ રહેલ ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવ ખૂબ જ અપૂર્વ અને આ પ્રંસગ ભકતો માટે એક અદભૂત અનુભવ બની રહેશે. શુદ્ધ શાકાહારી કેકમાંથી બનાવેલ ગોવર્ધન પર્વત, વિવિધ જાતના પકવાન અને મિષ્ટાનનો અન્નકૂટ, ગૌ-પૂજા, દીપોત્સવ આરતી, સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરે ઉત્સવની અદ્ભભૂતતામાં વધારો કરશે.

ભગવાન શ્રીકૃષ્ણએ ઈન્દ્રના ક્રોધ અને અત્યાર સામે વ્રજવાસીઓનું રક્ષણ કરવા પોતાના ડાબા હાથની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉંચકયો હતો. આ પ્રંસગની યાદગીરી રૂપે કારતક માસમાં ગોવર્ધનપૂજા અને ઉત્સવ મનાવવામાં આવે છે. આ જ દિવસે ઉત્સવના મહત્વના ભાગરૂપે ગૌ-પૂજા (ગાયની પૂજા) પણ કરવામાં આવે છે.

ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા અનુસાર અને વ્રજવાસીઓના પગલાને અનુસરતા દર વર્ષે કારતક માસમાં આ ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. હરે કૃષ્ણ મંદિરના ભકતો દ્વારા ગોવર્ધન પર્વતની પ્રતિકૃતિ સમાન જ ગોવર્ધન પર્વત ને શુદ્ધ શાકાહારી કેક, જુદી જુદી જાતના કૂકીસ, વિવિધ જાતના અનાજ અને શુદ્ધ ઘીની બનાવટો (જેમ કે ભાત, હલવો, પકોડા, પૂરી વગેરે) દૂધની વિવિધ જાતની બનાવટો (જેમ કે સ્વીટ ભાત, રબડી, રસગુલ્લા, અને લાડુ વગેરે) થી બનાવવામાં આવશે. ગોવર્ધન પર્વતમાં ઉપયોગમાં લેવાતી કેક અને કૂકીસને મંદિરની બેકરીમાં ભકતો દ્વારા જ બનાવવામાં આવશે જે ૧૦૦ ટકા શુદ્ધ અને શાકાહારી હશે. આ બધા વ્યંજનોને નાના પર્વતોના રૂપમાં ગોઠવવામાં આવશે અને ભગવાનને અર્પણ કરવામાં આવશે. ત્યાર બાદ આ પ્રયોજનોને પ્રસાદરૂપે ભકતોને વહેંચવામાં આવશે. આ કારણે જ આ ઉત્સવને અન્નકૂટ ઉત્સવ તરીકે પણ મનાવવામાં આવે છે.

ગોવર્ધન પર્વતની પ્રતિકૃતિ સમાન આશરે ૧૦૦૦ કિલોગ્રામ વજન ધરાવનાર ગોવર્ધન કેક ને શ્રી શ્રી રાધા માધવ ને અર્પણ કરવામાં આવશે અને ત્યાર બાદ આ કેકને સૌ ભકતોમાં પ્રસાદરૂપે વહેંચવામાં આવશે. ગાયને સુંદર રીતે શણગારવામાં આવશે અને તેની પૂજા કરવામાં આવશે. ભગવાન શ્રીકૃષ્ણ જેને ગોપાલ તરીકે પણ પૂજવામાં આવે છે જે ગાયોના રક્ષણકર્તા છે, તેમની આરતી કરાશે. ભકતો આ પ્રસંગોને અનુરૂપ ભજનો અને ગીત-સંગીત ગાઈને જૂમી ઉઠશે.

ઉત્સવના અંત ભાગમાં શ્રી શ્રી રાધા માધવને અને ગોવર્ધન પર્વતની મહામંગલા આરતી કરવામાં આવશે, ત્યારે ભકતો શ્રી ગોવર્ધનઅષ્ટકમ નું ગુણગાન કરશે જેની કીર્તિને આઠ શ્લોકમાં વર્ણવવામાં આવી છે. કારતિક માસમાં ઉજવાતા દિપોત્સવ મહોત્સવના ભાગરૂપે અંતમાં ભગવાનની અતિભવ્ય દિપોત્સવ આરતી પણ કરવામાં આવશે.

ગોવર્ધન પૂજા કાર્તિક (ઓક્ટોબર – નવેમ્બર દરમ્યાન) મહિનામાં, જેમાં ભગવાન શ્રી કૃષ્ણે વૃંદાવનવાસીઓને ઈન્દ્રના ક્રોધથી બચાવવા માટે પોતાની ટચલી આંગળી ઉપર ધારણ કર્યો હતો એ પ્રસંગની યાદગીરીરૂપે ઉજવવામાં આવે છે

જ્યારે પૂર્ણપુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણએ વૃંદાવનવાસીઓને ઈન્દ્ર-યજ્ઞની તૈયારી કરતા જોયા ત્યારે તેમણે સૂચવ્યું કે તેઓએ ઈન્દ્રાની પૂજા કરવાનું છોડી દેવું જોઈએ અને ગોવર્ધન પર્વતની પૂજા કરવી જોઈએ. આ વાત જાણ્યા પછી, ઈન્દ્ર ગુસ્સે થઈ ગયો અને વૃંદાવન ઉપર વિનાશક વરસાદ વરસાવ્યો. શ્રીકૃષ્ણએ ગોવર્ધન પર્વતને તેમની નાની(ટચલી) આંગળી ઉપર ધારણ કર્યો અને વૃંદાવનના બધા રહેવાસીઓને તેની નીચે આશ્રય આપ્યો. શ્રીકૃષ્ણની દ્વારા કરવામાં આવેલ આ પ્રકારની લીલા જોયા બાદ ઈન્દ્રને તેણે કરેલ અકૃત્યનું વિશે ભાન થયુ અને ભગવાન શ્રીકૃષ્ણ ની ક્ષમા યાચના કરી. આમ, પરમેશ્વરે એ તથ્યનું સ્થાપ્ર કર્યુ કે જે ભક્ત પૂર્ણપુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત થાય છે અને ભગવાનની ભક્તિમય સેવામાં સતત પ્રવૃત રહે છે તે તમામ બંધનમાંથી મુક્ત થાય છે અને કોઈ ભૌતિક તૃષ્ણા માટે અન્ય કોઈ દેવની અલગથી ઉપાસના કરવાની રહેતી નથી. આમ આ પ્રસંગને "ગોવર્ધન લીલા" તરીકે ઓળખવામાં આવે છે જેનું નિરૂપણ શ્રીમદ્ ભાગવતમના દસમા સ્કંધમાં વર્ણવેલ છે.

જન્મદિને વધામણી

કનૈયાલાલ બાલાશંકર ઉપાધ્યાય

બિનલ દિનેશભાઈ વનરાજ

વિઆના હાર્દિક પટેલ
મો. ૮૧૬૦૭ ૯૨૨૧૫

ફ્રેયા એસ કામલીયા

હેનિલ નિલેષ પરમાર
મો. ૯૭૧૪૧ ૯૮૧૯૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

ભારતીય અર્થવ્યવસ્થા એ તહેવારલક્ષી અર્થવ્યવસ્થા છે

પ્રસંગસર
વિનોદ અમલાણી
vinod.amlani@sbi.co.in

વિશ્વમાં આનંદથી ઉજવાતા ઉત્સવો અને તેના પ્રત્યેની લોકોની પ્રીતિ વિશે કવિ કાલિદાસે અભિવ્યકિત કરતાં કહ્યું છે કે , ઉત્સવ પ્રિયઃ ખલુ મનુષ્યા.

અર્થાત, મનુષ્ય ઉત્સવ પ્રેમી હોય છે.

આપણાં દેશમાં કેટલાક તહેવારોનું મહત્વ પૌરાણિક કાળથી ચાલ્યુ આવ્યું છે. કેટલાક તહેવારો કાળક્રમે ભારતીય સંસ્કૃતિનું એક અવિભાજ્ય અંગ બની ગયા છે. સમય વિતવાની સાથે ભારતમાં ઉજવાતા કેટલાક તહેવારોની ઉજવણીનો ક્ષય થતો જાય છે તો કેટલાક તહેવારોની ઉજવણીનું મહત્વ વધતું જાય છે.

દેશમાં વિવિધ પ્રદેશોમાં, વિવિધ જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, રીતરિવાજો પ્રમાણે વિવિધ તહેવારો ઉજવાતા રહે છે. એક અંદાજ પ્રમાણે દેશમાં આશરે એકાવન મુખ્ય તહેવારો ઉજવાય છે જેમાં સતર જેટલા તહેવારો રાષ્ટ્રીય કક્ષાએ ઉજવાય છે.

દેશમાં સાર્વજનિક રીતે ઉજવાતા મહત્વનાં તહેવારોમાં દિપાવલી, હોળી, જન્માષ્ટમી, ઓણમ, પોંગલ, ઈદ. નાતાલ. ગણેશ ચતુર્થી, દુર્ગાપૂજા, ઉતરાયણ, પર્યુષણ, મહાવીર જયંતિ, બુધ્ધ જયંતિ, ગુરુ નાનક જયંતિ, ગાંધી જયંતિ, રક્ષાબંધન, રામનવમી, જગન્નાથજીની રથ યાત્રા, નવરાત્રી, દશેરા, સ્વાતંત્ર્ય દિવસ, પ્રજાસતાક દિવસ અને ગાંધી જયંતિ જેવા ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો છે. આ ઉપરાંત કુંભમેળા જેવા મહામેળા અને નાના પાયે આયોજન થતા હજારો લોકમેળાઓ પણ તહવારોનો જ એક ભાગ છે.

તહેવારોની ઉજવણી નિમિતે વિવિધ પ્રકારની ચીજવસ્તુઓનો ઉપભોગ વધે છે. આમ ઉપભોગ વધવાને કારણે બજારમાં એ વસ્તુઓની માંગ વધતી હોય છે. આ માંગને પહોંચી વળવા માટે તેના ઉત્પાદકો આગોતરા આયોજનો કરીને તેનું ઉત્પાદન વધારતા હોય છે જેથી તહેવારો નિમિતે પૂરતા પ્રમાણમાં પુરવઠો પ્રાપ્ય બની શકે. આ પ્રકારની ચીજવસ્તુઓમાં, કપડાં, મીઠાઇ, ખાણીપીણી, સુકામેવા. ફટાકડા, ફૂલહાર, અબીલ-ગુલાલ, વિવિધ રંગો, લાઇટ ડેકોરેશન, પ્રસાદમ, ભેટ-સોગાદની વસ્તુઓ, પતંગ, દોરા, મૂર્તિઓ, સોનું-ચાંદી, ઘરેણા, અને આ પ્રકારની અનેક ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગીત, સંગીત, નૃત્ય, પ્રવાસન જેવી સેવાકીય પ્રવુતિઓની પણ માંગ વધતી હોય છે. કેટલાક ખાસ તહેવારો નિમિતે લોકો નવા વાહન, મકાન, ફર્નિચર, ઈલ્ક્ટ્રોનિક વસ્તુઓ જેવી સ્થાવર અને જંગમ મિલકતોની પણ ખરીદી કરતાં હોય છે તેથી તેની માંગમાં પણ વધારો થતો હોય છે.

અર્થશાસ્ત્રનો પાયાનો નિયમ છે કે ઉપભોગ વધે એટલે માંગ વધે. માંગમાં વધારો થાય એટલે પુરવઠો વધારવો પડે. પુરવઠો વધારવા માટે ઉત્પાદન વધારવું પડે. આમ ઉત્પાદન વધે એટલે રોજગારી વધે અને લોકોની આવક વધે. લોકોની આવકમાં વધારો થાય એટલે ફરી પછી માંગ વધે. આમ ઉપભોગ, માંગ, ઉત્પાદન, રોજગારી, આવક અને માંગનું ચક્ર તહેવારો નિમિતે ઝડપથી ફરે છે જેને કારણે દેશનાં અર્થતંત્રને વેગ મળે છે. પરિણામે રાષ્ટ્રીય આવકમાં અને રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારો થાય છે.

એસોસિએશન ઓફ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા (ASSOCHAM)નાં એક અંદાજ મુજબ ગણેશ ચતુર્થી પર્વની દસ દિવસની ઉજવણી દરમ્યાન મહારાષ્ટ્ર, તેલંગાણા અને હૈદરાબાદમાં આશરે ૨૦૦૦૦ કરોડનો વ્યવસાય થાય છે. આ તહેવારની ઉજવણી આશરે ૨૦,૦૦૦ કુટુંબો માટે રોજગારી પણ ઊભી કરે છે. કોનફેડરશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીના એક અહેવાલ પ્રમાણે ચાલુ વર્ષે યોજાયેલા મહાકુંભમેળા દરમ્યાન ઉત્તરપ્રદેશ સરકારને રૂપિયા ૧.૨ કરોડ લાખની આવક થઈ હતી એવો અંદાજ છે.

તહેવારોની ઉજવણી આપણાં દેશમાં થાય પણ તને કારણે વધારે રોશની ઝળહળે છે ચીનના ઉત્પાદકો અને નિકાસકારોનાં ઘરમાં કારણ કે આપણાં મોટાભાગનાં તહેવારો નિમિતે ઉપભોગ થતી ઘણી ચીજ વસ્તુઓ ચીનમાથી આયાત થાય છે. છજીજીઝઝઁછસ્નાં એક અંદાજ પ્રમાણે ચીનમાંથી આ પ્રકારની વસ્તુઓની આયાતને કારણે આપણાં દેશની આઠ થી દસ લાખ લોકોની રોજગારી છીનવાઈ ગઈ છે. તહેવારો નિમિતે ગ્રાહકોને આકર્ષવા માટે અને પોતાના ઉત્પાદનનું વેચાણ વધારવા માટે ઉત્પાદકો અને વેપારીઓ મોટા પાયા ઉપર ડિસ્કાઉન્ટ જાહેર કરતાં હોય છે. આ પ્રકારનું ડિસ્કાઉન્ટ તહેવારો નિમિતે જ મળતું હોય લોકો પોતાની જરૂરિયાત ઉપરાંત પણ કેટલીક ચીજવસ્તુઓનું ખરીદી કરતાં હોય છે જેને કારણે વેચાણમાં વધારો થતો હોય છે.

ઈન્ટરનેટ અને તેને સંલગ્ન ટેક્નોલૉજીનાં વિકાસને કારણે ઈ-કોમર્સનો પણ બહોળા પ્રમાણમાં વિકાસ થયો છે. તહેવારો નિમિતે ઈ-કોર્મસનો વ્યવસાય પણ અનેક ગણો વધી ગયો છે કારણ કે તહેવારો નિમિતે 'ઓન-લાઈન' વેંચાણ કરતી કંપનીઓ મોટા પાયા ઉપર ડિસ્કાઉન્ટ આપતી હોય છે જેનો બહોળા પ્રમાણમાં લોકો લાભ લઈ રહ્યા છે.

કેટલાક ખાસ તહેવારો નિમિતે 'સ્વદેશી'ની આર્થિક ચળવળ અંતર્ગત સ્વદેશી ચીજવસ્તુઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે ગાંધીજંયતિનાં તહેવારો નિમિતે ખાદીની બનાવટો ઉપર ખાસ ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. એક આર્થિક અખબારના અહેવાલ પ્રમાણે બીજી ઓક્ટોમ્બર-૨૦૧૯ના રોજ દિલ્હી સ્થિત એક ખાદી સ્ટોરમાં એક જ દિવસમાં રૂપિયા ૧.૨૭ કરોડનું વેચાણ થયું હતું જે આગલા વર્ષ રૂ. ૧.૨૫ કરોડનું હતું.

આપણો દેશ સન. ૨૦૨૨ના વર્ષમાં આઝાદીનાં ૭૫ વર્ષ પૂરા કરશે તેથી તેની મોટા પાયે ઉજવણી થશે. આ અંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ લોકોને હાકલ કરતાં કહ્યું છે કે "સન.૨૦૨૨માં આઝાદીનાં ૭૫માં વર્ષમાં પ્રવેશ કરીએ ત્યારે દેશને એક નોધપાત્ર ઊંચાઈ ઉપર લઈ જઈએ." આપણે જાણીએ છીએ કે ચાલુ વર્ષ આપણે મહાત્મા ગાંધીજીના ૧૫૦માં જન્મવર્ષ તરીકે ઉજવી રહયા છીએ. ૨૦૨૨નું વર્ષ આઝાદીનાં ૭૫માં વર્ષ તરીકે ઉજવાશે. આમ સરકાર રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે ઉજવવા માટે હંમેશા ઉત્સાહિત રહી છે. સાથે સાથે ધાર્મિક તથા સામાજિક તહેવારોની ઉજવણી માટે પણ સરકાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રોત્સાહન આપી રહી છે કારણ કે સરકાર જાણે છે કે તહેવારોની ઉજવણી થકી અર્થતંત્રમાં નવા પ્રાણ પૂરી શકાય છે.

તહેવારોની ઉજવણીને કારણે અર્થતંત્રને નવી હવા મળે છે અને અર્થતંત્રમાં નવી તાજગી આવે છે. તહેવારોની ઉજવણી ઉત્પાદકો માટે નવી તકો પૂરી પાડે છે અને અર્થતંત્ર એક પ્રકારની ગતિ પકડે છે. આમ આપણે એવું કહી શકીએ કે ભારતીય અર્થવ્યવસ્થા તહેવારલક્ષી અર્થવ્યવસ્થા છે. જો તહેવારોની ઉજવણી મંદ પડી જાય તો તેની અસર અર્થતંત્ર ઉપર પણ પડે છે અને અર્થતંત્ર પણ મંદ પડી જવાની શક્યતાઓ વધી જાય છે.

આપણે જો પ્રત્યેક તહેવારને એક ખાસ પ્રસંગ માનીને તેની ખાસ રીતે ઉજવણી કરીએ તો અર્થતંત્રને વધુ વેગવંતુ બનાવી શકીએ. આપણો દેશ આજે મંદીમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે તહેવારોની ઉજવણી અર્થતંત્રને મંદીમાથી બહાર કાઢવા માટે ચોક્કસ રીતે મદદરૂપ થઈ શકે.